R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 42 DATE: 19-10-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## વૈશ્વીક ભુખમરાના રિપોર્ટ મુજબ ગ્લોબલ હંગર ઇન્ડેક્સમાં ભારત ૧૦૨માં સ્થાને નીચે પહોચ્યું

ગ્લોબલ હંગર ઈન્ડેક્સના જારી કરાયેલા રિપોર્ટ મુજબ ભારત ૧૦૨માં સ્થાને નીચે ઉતરી ગયું છે. જ્યારે તેની તુલનામાં વૈશ્વિક ભુખમરાના મામલે પાકિસ્તાન,નેપાળ અને મ્યાંમારે આ યાદીમાં ઉપરના સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ૨૦૧૯ના ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (જીએચઆઈ)માં ભારત ૧૦૨માં ક્રમે રહ્યુ છે. જીએચઆઈએ નોધ્યું છે કે ભારતમાં જે સ્તરનો ભુખમરો છે તે ગંભીર છે.આ રિપોર્ટ શાસક પક્ષ ભાજપ માટે આંચકા સમાન એટલા માટે છે કે ભારતની તુલનામાં પાકિસ્તાન વૈશ્વિક ભુખમરાના મામલે ૯૪માં સ્થાને રહ્યુ છે. આમ ભારત કરતાં પાકિસ્તાનમા ભુખમરાની સ્થિતિ ઓછી છે.

અગાઉ ૨૦૧૭માં ભારત ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ૧૦૦માં ક્રમે રહ્યુ હતું.પણ ૨૦૧૯માં ભારત વધુ બે સ્થાન નીચે પહોચ્યું છે. જીએચઆઈ કે જે ૧૫ વર્ષથી કાર્યરત છે તે ચાર ઈન્ડેકટર્સ કુપોષણ,બાળમરણ,ચાઈલ્ડ વેસ્ટીંગ અને ચાઈલ્ડ સ્ટનીગના આધારે વિવિધ દેશોને રેન્ક આપે છે. અહીં ભારતને જ ૧૦૨મુ સ્થાન મળ્યું છે તે દર્શાવે છે કે ભારત તમામ ચારેય ઈન્ડીકેટર્સમાં નિષ્ફળ રહ્યું છે. જીએચઆઈ વાસ્તવમાં **Welthungerhife** અને **concern Worldiwide** સંયુક્ત પ્રોજેકટ છે.

ભારત પાકિસ્તાન કરતાંજ નહીં પણ અન્ય પાડોશી દેશો કરતાં પણ નીચલા સ્તરે પહોચ્યું છે.ગ્લોબલ હંટર ઈન્ડેકસમાં ચીનને ૨૫મું,નેપાળને ૭૩મું,મ્યાનમારને ૬૯મુ,શ્રીલંકાને ૬૬ મુ અને બાંગલાદેશને ૮૮મું સ્થાન મળ્યું છે.

એકતરફ ભારત વૈશ્વિક મહાશક્તિ બનવા માટે તલપાપડ છે ત્યારે આ પ્રકારના પરિણામો લોકોને એ વાતનું આશ્ચર્ય કરાવે છે કે ખરેખર ભારત ગ્લોબલ સુપરપાવર બની શકશે કેમકે ભુખમરાના મામલે ભારત, બાંગલાદેશ અને નેપાળ કરતાં પણ વધુ નબળું અને નાનું પુરવારથયું છે. ભારત સરકાર સતત આર્થિક મંદીનો ઈન્કાર કરી રહી છે ત્યારે આર્થિક સુસ્તીનો ઈન્કાર કરનારા લોકો માટે આ રિપોર્ટ આંખ ઉઘાડનારો છે.

આ ઉપરાંત નિષ્ણાંતોએ એમ પણ કહ્યુ છે કે વૈશ્વિક તાપમાનમાં વધારો થવાથી પણ ભુખમરાના ચિંતાજનક સ્તરમાં વધારો થઈ રહ્યો છે. હાઈ ઈન્કમ ધરાવતાં દેશો જો કે જીએચઆઈમાં સામેલ નથી. ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં આ વર્ષે કલાઈમેટ ચેન્જ અને ભુખમરા પર લક્ષ આપવામાં આવ્યું છે.આ રિપોર્ટમાં જણાવાયું છે કે ભારત સમગ્ર જીડીપી ૧.૬ ટકા જેટલો હિસ્સો એટલે કે ૩.૧૮ લાખ કરોડ રુપીયા ડિફેન્સ માટે ફાળવે છે . આ ઉપરાંત્ત મોદી સરકાર દરેક મુદો કોમી બનાવવાની અને બાહ્ય કોઈપણ ભયને પાકિસ્તાન સાથે સાંકળવાની કોશિશ કરે છે. એમ પણ રિપોર્ટમાં જણાવાયું છે. આ રિપોર્ટ અનુસાર ૧૧૭ દેશોમાંથી ૪૩ દેશોમાં ભુખમરાનું સ્તર ગંભીર રહેવા પામ્યુ છે.ચાડ, માડાગાસ્કર,યમન અને ઝામ્બીયામાં ભુખમરાનું સ્તર ચિંતાજનક અને સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિકમાં ભુખમરો અત્યંત ચિંતાજનક સ્તરે હોવાનું જણાવાયું છે.સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લીક આ લિસ્ટમાં ૧૧૭માં સ્થાને છે.

## વૈશ્વિક એજન્સીઓએ એક પછી એક ગ્રોથ રેટ ઘટાડી દીધા

ભારતના નબળા અર્થતંત્રને પગલે એક પછી એક વૈશ્વિક એજન્સીઓએ તેના ગ્રોથ રેટના અંદાજ ઘટાડી રહી છે. વર્લ્ડ બેન્કે હજી બે દિવસ પહેલાંજ ભારતનો ચાલુ વર્ષનો અંદાજ ૭.૫ ટકાથી ઘટાડીને ૬ ટકા કરી દીધો છે. ગયા સપ્તાહે મુડીઝે પણ અંદાજ ઘટાડીને ૫.૮ કરી દીધો છે.એશિયન ડેવલપમેન્ટ બેન્કએ સપ્ટે.માં ભારત માટે ચાલુ વર્ષે વૃધ્ધિનો અંદાજ ૦.૫ ટકા ઘટાડીને ૬.૫ ટકા કરી દીધો છે. અને ઓર્ગેનાઈઝેશન ઓફ ઈકોનોમિક્સ કો. ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટએ પણ અંદાજ ૧.૩ ટકા ઘટાડીને ૫.૯ ટકા કરી દીધો છે.ભારતીય રિઝર્વ બેન્કે પણ જીડીપીનો અંદાજ ૬.૯ ટકાથી ઘટાડીને ૬.૧ ટકા કરી દીધો છે.

## ભારતીય મુળના પ્રોફેસર અભિજિત બેનરજી,તેમના પત્ની એસ્થર ડુફ્લો અને હાવર્ડના પ્રોફેસર માઇક્લ ક્રેમરને સુંયક્ત ઇકોનોમિક્સના નોબેલ પ્રાઇઝ વિજેતા જાહેર કરાયા







ભારત મુળ નિવાસી અને મેસાચ્યુસેટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં ઈકોનોમિક્સના પ્રોફેસર અભિજિત બેનરજીને ૨૦૧૯નો ઈકોનોમિક્સનો નોબેલ જાહેર કરાયો હતો.તેમની સાથે જ તેમના પત્ની જેઓ પ્રોફેસર તરીકે તેમની સાથે કામ કરે છે તેણી એસ્થેર ડુફલો તથા હાવર્ડ યુની.માં ઈકોનોમિક્સના પ્રોફેસર તરીકે કામ કરતાં માઈકલ ક્રેમરને સંયુક્ત રીતે આ નોબેલ એનાયત કરવામાં આવ્યો છે.મહત્વની વાત એ છે કે ૨૧ વર્ષ પછી કોઈ ભારતીય મુળનાને ઈકોનોમીક્સનો નોબલ મળ્યા છે. આ પહેલા ૧૯૯૮માં હાવર્ડ યુની.માં રહેલા ભારતીય મુળના ઈકોનોમિક્સના પ્રોફેસર અમર્ત્ય સેનને નોબલ એનાયત થયોહતો.

અભિજિતનો જન્મ ૨૧ ફેબ્રુઆરી,૧૯૬૧ના દિવસે કોલકત્તામાં થયો હતો. તેમના માતા નિર્મલા બેનરજી કોલકોતાના સેન્ટર ફોર સ્ટડીઝ ઈન સોશ્યલ સાયન્સીઝમાં પ્રોફેસર હતા. તેઓ બે ડોક્યુમેન્ટ્રી ફિલ્મોનું નિર્દેશન કરી ચુક્યા છે. અભિજિતે દુનિયાને રાહ દેખાડવા માટે ઈકોનોમિકસ પર કેટલાંય પુસ્તકો લખ્યા છે. તેમનું પહેલું પુસ્તક ૨૦૦૫માં વોલાડીલીટી એન્ડ ગ્રોથ લખ્યુ હતું. અભિજિત બેનરજીએ કુલ સાત પુસ્તક લખ્યાં છે. પરંતુ તેમને પ્રસિધ્ધિ તો ૨૦૧૧માં પ્રકાશિત થયાલ તેમના પુસ્તક પુઅર ઈકોનોમિક્સ :એ રેડિકલ રીથિન્કીંગ ઓફ ધ વે ટુ ફાઈટ ગ્લોબલ પ્રોવર્ટીથી તેમને ઘણી પ્રસિધ્ધિ મળી હતી.અભિજિત અનો એસ્થર બેનરજીએ ૨૦૧૯નું અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળ્યું છે નોબેલ મેળવનાર તે છઠ્ઠુ દંપતિ બન્યું છે.

અભિજિત હાલમાં અમેરિકામાં મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર છે. તેમણે ગ્રેજ્યુએશન કોલકોતાની પ્રેસિડેન્સી કોલેજમાંથી કર્યુ હતું. એ બાદ ૧૯૮૩માં ઈમોનોમિક્સ સાથે પીએચડી તેમણે જવાહરલાલ નહેરુ યુની.માંથી કર્યુ હતું. પાછળથી ૧૯૮૮માં હાવર્ડ યુની.માંથી પીએચડી કર્યુ હતું.તેમના પહેલા લગ્ન એમઆઈટીના મહિલા પ્રોફેસર અરુધતી બેનરજી સાથે થયા હતા. ૧૯૯૧માં તેમણે છુટાછેડા લીધા હતા.૨૦૧૫માં તેમણે એસ્થેર સાથે લગ્ન કર્યા હતા.૧૯૭૨માં જન્મેલા એસ્થર ઈકોનોમિક્સ માટે નોબેલ મેળવનાર સૌથી યુવાન મહિલા છે.આ ઉપરાંત આ ક્ષેત્રમાં નોબેલ મેળવનાર તે બીજા મહિલા છે.

અભિજિત એસ્થર અને માઈકલ ક્રેમરે વૈશ્વિક ગરીબી ઓછી કરવાના પ્રયાસો માટે સંયુક્ત રીતે ત્રણેયને નોબલ એનાયત થયા છે. અભિજિત બ્યુરો ઓફ ધ રિસર્ચ ઈન ઈકોનોમિકસ એનાલિસિસ ઓફ ડેવલપમેન્ટના પુર્વ પ્રેસિડેન્ટ છે. તેઓ સેન્ટર ફોર ઈકોનોમિકસ એન્ડ પોલીસી રિસર્ચના ફેલો અને અમેરિકન એકેડેમી ઓફ આટ્ર્સ સાયંન્સીસ એન્ડ ધ ઈકોનોમિક્સ સોસાયટીના ફેલો પણ રહી ચુક્યા છે. બેનરજી,ડફેલો અને ક્રેમરે ગરીબી સામે લડવા માટે અનોખો રસ્તો શોધી કાઢ્યો હતો. તેમણે ગરીબી સાથે સંકળાયેલા મુખ્ય મુદ્દાને નાના નાના સવાલોમાં વહેચી કાઢ્યા હતા શિક્ષણ અથા તો બાળકોના સ્વાસ્થને સુધારવા માટે સૌથી પ્રભાવશાળી રસ્તા ક્યા ? આવા અનેક સવાલો તૈયાર કરીને તેમણે ઉકેલ શોધ્યા હતા.તેના થી જ સમસ્યાઓને નાથવાની પધ્ધતિ વિકસાવવામાં આવી હતી.૨૦૧૯માં લોકસભાની ચુંટણીમાં કોગ્રેસે મુખ્ય ચુંટણી ઢંઢેરામાં તેમની વાત સમાવી હતી.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવક્રાંતિ

સરકારના અનેક દાવાઓ વચ્ચે હવે સ્વીકારવા સિવાય કોઇ ચારો નથી કે અર્થતંત્રની સ્થિતિ ખરાબ છે. આર્થિક મોરચે ભારત માટે વધુ એક માઠો ઘટનાક્રમ સર્જાયો છે. મુડીઝ,ફિન્ચ,વર્લ્ડ બેન્ક સહિતની સંસ્થાઓએ ભારતીય વિકાસદર અંગે નિરાશાજનક ચિત્ર રજુ કર્યુ છે. હવે ઇન્ટરનેશનલ મોનીટરી ફંડએ પણ ભારતના અર્થતંત્રના વૃધ્ધિદર અંગે પોતાના તારણો રજુ કર્યા છે તે ભારતની આર્થિક સ્થિતિ કથળી રહી હોવાના સંકેતો આપે છે. ગુજરાતી ભાષામાં એક કહેવત છે.'ભાઇ પડ્યા તો પણ તંગડી ઉંચીને ઉંચી' સરકારના મંત્રીઓ અને તેમના તંત્રીઓ હજુ પણ આર્થિક સ્થિતિનું નિરાશાજનક ચિત્ર રજુ કરવા માટે ગંભીર નથી.રોજ રોજ નવા બહાના શોધે છે. તાજેતરમાં વિદેશની યાત્રા પર ગયેલા નાણાંમંત્રીએ આ આર્થિક સ્થિતિ માટે જવાબદાર પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને ભુતપુર્વ ગર્વનર,રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાના રઘુરામ રાજનને ઠેરવ્યા છે.કોઇપણ દેશમાં નીતિગત ભુલોને અવકાશ નથી તેથી અર્થતંત્રના સુધારા માટે તાત્કાલિક પગલાં લેવા જરુરી છે. જેમાં હાલની સરકાર કેટલાક પગલાં લઇ રહી છે તે પુરતાં નથી.તેમની પાસે કોઇ ખાસ રોડમેપ નથી જે ભવિષ્યના ખતરામાંથી બચાવી શકે.

વૈશ્વિક સ્તર પર અનેક દેશોમાં એક સાથે નરમાઇ જોવા મળી છે.આઇએમએફના ચીફ ઇકોનોમીસ્ટે કહ્યુ છે કે વિવિધ દેશોએ શરુ કરેલા ટ્રેડ વોર અને વધારેલા અંકુશોને કારણે તથા કેટલાક દેશોમાં તણાવને કારણે ૨૦૧૯માં વૈશ્વિક આર્થિક વૃધ્ધિદર ઘટીને ૩ ટકા થઇ જશે.જે છેલ્લા એક દાયકામાં સૌથી ઓછો હશે. તેમણે કહ્યુ કે ૨૦૧૭માં ગ્રોથ ૩.૮ ટકા હતો. જ્યાંથી આ નોધપાત્ર પીછેહઠ છે.આવા સંજોગોમાં કોઇપણ દેશમાં નીતિગત ભુલોને કોઇ અવકાશ નથી.એટલુંજ નહી પરંતુ અર્થતંત્રમાં સુધારો લાવવા અત્યંત કુશળતા પુર્વક પગલાં લેવા આવશ્યક છે.

અર્થતંત્રની સ્થિતિ વિષે સરકારમાં જેને લાગતું વળગતું નથી એવા લોકો નિવેદનો કરતા રહે છે. જેમણે આ અંગે ગંભીરતાથી કહેવુ જોઇએ તેઓ તો પીકનીક મનાવતા રહે છે.કાં તો વિદેશ પ્રવાસોમાં હોય કે વિદેશી મહેમાનોની મહેમાનગતિ કરતાં હોય છે.દેશમાં આર્થિક સ્થિતિ બાબતે ઘેરી ચિંતા પ્રસરી રહી છે. બેરોજગારોની સંખ્યા વધતી ગઇ છે. નાના મોટા ઉદ્યોગોની સ્થિતિ કથળી છે. બેન્કોની એનપીએ વધી ગઇ છે પરિણામે કેટલીક મર્જર કરવી પડી છે તો કેટલી નાદારીના કતાર પર ઉભી છે.કેટલીક અક્ષમ્ય ભુલો,અહંમ અને અમુક વર્ગને ખેરાતને કારણે દેશ આખો આજે આર્થિક રીતે હતાશાની સ્થિતિમાં ઉભો છે. બહાર કાઢવા માટે સક્ષમ પગલાં અને નેતાગીરીની આવશ્યકતા માંગી લે છે.

નોટબંધી, જીએસટી જેવા કેટલાંક લેવાયેલ પગલાંને કારણે આર્થિક ચિત્ર ધુંધળું બન્યું છે તેનો સ્વીકાર હજુ સુધી જવાબદારો કરતાં નથી.ડો.સિંઘના સમયમાં પણ આવો એક તબક્કો આવ્યો હતો જેમાં આર્થિક મંદી સામે યોજનાબધ્ધ પગલાં લેવાયા હતા. પુર્વ વડાપ્રધાને આ સરકારને કેવા અને કેટલા પગલાં લેવા તે માટે જાણકારી આપી હતી પરંતુ તેનો સ્વીકાર તેઓ કરી ના શકે કારણકે તેઓની નબળાઇ છતી થાય તેમ છે.ખેર, જ્યાં દેશની વાત આવે છે ત્યાં અહમ છોડીને સત્ય સ્વીકારવા માટે ૫૬ની છાતી હોવી જરુરી છે.

### જાણવા જેવું !

મિસ યુનીવર્સની સ્પર્ધા પહેલી વાર ૧૯૫૨માં કેલીફોર્નીયામાં યોજાઇ હતી.

વ્હાઇટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઇટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદ તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઇટ હાઉસ કરવામાં આવ્યું.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## સાહિત્યનું નોબેલ પુરસ્કાર પોલીસ લેખિકા ઓલ્ગાને ૨૦૧૮નું, ઓસ્ટ્રિયન હેડકેને ૨૦૧૯નું અપાયું





પોલીસ લેખિકા ઓલ્ગા તોકારઝુકને ૨૦૧૮ના વર્ષનું સાહિત્ય માટેનું નોબલ પારિતોષિક જાહેર કરાયુ છે. જ્યારે ઓસ્ટ્રિયન લેખક પીટર હેડકેને ૨૦૧૯ના વર્ષનું નોબલ પારિતોષિક મળશે.૨૦૧૮માં નોબલ કમિટીમાં જાતીય શોષણના આરોપો અને આક્ષેપો પછી આ ઇનામની જાહેરાત મુલતવી રાખવામાં આવી હતી. સ્વીડીશ એકેડમીના જણાવ્યા પ્રમાણે ઓલ્ગાને જીવનના કેટલાક માહિતીપ્રદ ઉન્માદોના રસપ્રદ આલેખન માટે નોબલ અપાયું છે.જ્યારે હેડકેને માનવીય અનુભવને ભાષાકીય ચાતુર્ય સાથે સાહિત્યમાં ઉતારવા બદલ પારિતોષિક અપાયું છે. ૨૦૧૮નું પારિતોષિક જીતનારા ઓલ્ગા કદાપિ જીવનની વાસ્તવિકતાઓને સ્થિર કે કાયમી માનતા નથી. સાંસ્કૃતિક વિરોધાભાસો વચ્ચે સર્જાતા રહેતા તનાવને તેઓ તેમની નવલકથામાં આલેખે છે.તેઓ કુદરત વિરુધ્ધ સંસ્કૃતિને,તર્ક વિરુધ્ધ પાગલપનને, પુરુષ વિરુધ સ્ત્રીને અને ભીડ વિરુધ્ધ એકલતાને એકબીજા સામે મુકીને વાતાવરણ રચવામાં માહિર છે.તેમ એકેડેમીએ તેના નિવેદનમાં ઉમેર્યુ છે

ઓલ્ગાએ પોલેન્ડમાં તેમની પેઢીની સૌથી ટેલેન્ટેડ નોવેલીસ્ટ ગણવામાં આવે છે.તેમણે લખેલી મોટાભાગની નવલકથાઓ બેસ્ટ સેલરની યાદીમાં સમાવિષ્ટ છે.

૫૭ વર્ષના ઓલ્ગા અંગત જીંદગીમાં સંપુર્ણ શાકાહારી અને પર્યાવરણવાદી છે.અને તેઓ પોલેન્ડમાં જમણેરી વિચારધારાની સરકાર સામે પોતાનો વિરોધી મત દર્શાવવામાં પણ ક્યારેય પાછા પડ્યા નથી.૨૦૧૫માં તેમણે પોલેન્ડનો સમાજ ઉદારવાદી છે તે વાત ખોટી છે તેમ કહેતા તેમને જાનથી મારી નાંખવાની ધમકી મળી હતી. ઓલ્ગા ૨૯ જાન્યુઆરી ૧૯૬૨ના રોજ સુલેચોવ ટાઉનમાં જન્મ્યા હતા. અને વોર્સોની સાયકોલોજી યુની.માં ગ્રેજ્યુએટ થયા હતા.વર્ષો સુધી તેમણે થેરાપીસ્ટ તરીકેનું કાર્ય કર્યુ હતું. અને આ દરમિયાન તેમણે પોતાનો કાવ્ય સંગ્રહ પ્રકાશિત કર્યો હતો.

પ્રારંભમાં લેખનથી મળેલી સફળતા પછી ઓલ્ગાએ ફુલ ટાઇમ લેખન માટે નોકરી છોડી હતી અને ઝેક સરહદે આવેલા પર્વતાળ વિસ્તારમાં રહેવા ચાલ્યા ગયા હતા.૧૯૯૩માં તેમ ની પ્રથમ નવલકથા ધ જર્ની ઓફ ધ પીપલ ઓફ ધ બુક રીલીઝ થઇ હતી.૨૦૦૭માં તેમની નવલકથા ફ્લાઇટને બુકર પ્રાઇઝ મળ્યું હતું. તેમની ૯૦૦ પેજની નવલકથા ધ બુક ફો જેકોબ સાત દેશોમાં વેચાયેલી છે અને તેનો પાચ ભાષામાં તરજુમો થયો છે.

હેડકેને માનવીય અનુભવની વિશેખતા આલેખવાના ભાષાકીય ચાતુર્યપુર્ણ પ્રયાસ બદલ નોબલ અપાયો છે. હેડકેને બીજા વિશ્વયુધ્ધ પછી યુરોપના સૌથી પ્રભાવશાળી લેખક ગણવામાં આવે છે.

### જાણવા જેવું !

ચરકને વિશ્વના સૌથી મહાન વૈદ્ય માનવામાં આવે છે.તેમના દ્વારા લિખિત ગ્રંથ ચરકસંહિતાને વિશ્વના બહોળા દેશોમાં અનુસરવામાં આવે છે.આધુનિક ચિકિત્સાશાસ્ત્રના પાયા આયુર્વેદમાં રહેલા છે.

૧૯મી સદીમાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઇંચ પહોળા અને ૮ ઇંચ જાડાઇ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઇ પણ ઠેકાણે પડ્યો નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



# કેન્સરને નાથવા માટે નવી શોધ કરનારા ત્રણ વિજ્ઞાનીઓને મેડીસીનમાં નોબલ પારિતોષિક





શરીરના કોષો કઈ રીતે ઓક્સિજનની ભાળ મેળવે છે અને શરીરમાં ઓક્સિજનના સ્તર સામે કેવી પ્રતિક્રિયા આપે છે તેનો અભ્યાસ કરીને કેન્સર,એનિમિયા અને અન્ય રોગોને નાથવા માટે નવીનતમ શોધ કરનાર બે અમેરિકના અને એક બ્રિટિશ વિજ્ઞાનીને નોબલ પ્રાઈઝ ઘોષિત કરાયું છે.મેડીસીન ક્ષેત્રમાં આ ત્રણેય વિજ્ઞાનીઓ ડો. વિલિયમ જી. કાએલીન, ગ્રેગ એલ સેમેન્ઝા તથા પીટર જે રેટકલીફની નોબલ પ્રાઈઝ માટે પસંદગી થઈ છે.નોબલ કમિટિએ જણાવ્યુ હતું કે આ ત્રણેય વિજ્ઞાનીઓને સંયુક્ત રીતે ૯૧૮૦૦૦ ડોલરનો પુરસ્કાર પ્રાપ્ત થશે. ૧૯૦૧માં પ્રારંભ થયા પછી મેડીસીન કેટેગરીમાં આ ૧૧૦મુ નોબલ પ્રાઈઝ છે.

નોબલ પ્રાઈઝ કમિટીના અનુસાર વિજ્ઞાનીઓએ જનીનો કઈ રીતે ઓક્સીજનના વિવિધ સ્તરો પ્રત્યે પ્રતિક્રિયા આપે છે તે પ્રક્રિયાને નિયમિત કરતી બાયોલોજિકલ મશીનરીની ભાળ મેળવી છે. જેના કારણે લાલ રક્તકણોનું ઉત્પાદન, નવી રક્ત વાહીનીઓની રચના અને પ્રતિરક્ષા પ્રણાલી વિશે આ મશીનરી પ્રતિક્રિયા આપે છે. કમિટીએ કહ્યુ હતું કે આ શોધ મહત્વપુર્ણ છે કેમકે કેન્સરના કોષો ઓક્સિજન રિસ્પોન્સને અટકાવે છે. આ ત્રણેય વિજ્ઞાનીઓની શોધથી આ સમસ્યા દુર કરવામાં મદદ મળી શકે છે.

# ભારતે વૈશ્વિક મંદીની અસરમાંથી મુક્ત થવા માટે આર્થિક સ્થિરતા વધારવી એજ ડહાપણ છે : આઇએમએફના વડાની સલાહ

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના નવનિયુક્ત વડા ક્રિસ્ટાલિના જ્યોર્જિયાએ ચેતવણી ઉચ્ચારી છે કે વૈશ્વિક આર્થિક મંદીનો સામનો વિશ્વ કરી રહ્યુ છે.જેના પગલે ચાલુ વર્ષે ૯૦ ટકા વિશ્વનો આર્થિક વિકાસ દર ઘટી જવાનો છે. જેની વિશેષ અસર ભારત જેવા દેશ પર પડશે. ભારત જેવા ઉભરતા બજારોવાળા અર્થતંત્રો પર જેની વિશષ અસરો જોવા મળશે. આઈએમએફના એમ.ડી.એ જણાવ્યુ હતું કે વ્યાપક રતી પ્રસરી રહેલી મંદીનો અર્થ એ છે કે ચાલુ વર્ષે આર્થિક વિકાસ દર દાયકાની સૌથી નીચલી સપાટી પર પહોચી જશે.આગામી સપ્તાહમાં સમગ્ર વિશ્વનુ આર્થિક ચિત્ર રજુ કરાશે. જેમાં ૨૦૧૯ અને ૨૦૨૦ અંગેના સુધારેલા અંદાજ રજુ કરાશે. આઈએમએફ અને વિશ્વ બેન્કની આગામી સપ્તાહમાં યોજાનારી વાર્ષિક મીટીંગ માટેના ઉદ્ઘાટન સંબોધનમાં તેમણે જણાવ્યુ હતું કે ૨૦૧૯માં ૯૦ ટકા વિશ્વમાં આર્થિક વૃધ્ધિદર ઘટી જવાની સંભાવના છે. હાલ વૈશ્વિક અર્થતંત્ર મંદીનો સામનો કરી રહ્યુ છે. આંકડા જટિલ સ્થિતિનું પ્રતિબિંબ પાડી રહ્યા છે.

આઈએમએફના વડાએ કહ્યુહતું કે વિશ્વભરમાં આર્થિક સુસ્તી છવાઈ હોવા છતાં ૪૦ જેટલા ઊભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રોની વાસ્તવિક આર્થિક વૃધ્ધિદર પાંચ ટકાથી વધુ રહેવાની સંભાવના છે.જેમાં સબ સહારના આફ્રિકાના ૧૯ દેશોનો સમાવેશ થાય છે.ભારત અને બ્રાઝિલ જેવા સૌથી મોટા દેશો જેમા ઊભરતા બજાર ધરાવતા અર્થતંત્રોમાં આર્થિક મંદીનીની અસર વધુ વર્તાઈ રહી છે. છેલ્લા કેટલાક વર્ષમાં ઝડપથી વધેલો ચીનનો આર્થિક વિકાસ દર હવે તબક્કાવાર ઘટી રહ્યો છે.આર્થિક મુશ્કેલીઓન સામનો કરી રહેલા દેશો સામે પડકારો મો ફાડીને ઉભા છે.આઈએમએફની સહાય મેળવતા કેટલાક દેશોનો પણ તેમા સમાવેશ થાય છે.

ક્લાઈમેટ ચેન્જને વિશ્વ સમક્ષની મોટી કટોકટી ગણાવતાં જ્યોર્જિવાએ જણાવ્યુ હતું કે પર્યાવરણમાં થઈ રહેલા બદલાવથી કોઈ અછુતુ રહી શકતું નથી.અને તેની સામે લડવા માટે દરેકની જવાબદારી છે. વિશ્વના દેશોને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં સહાય આઈએમએફની પ્રાથમિકતા પૈકીની એક છે.

### જાણવા જેવું !

૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# સરકાર દેશમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરે : ઉધ્ધવ ઠાકરે



શિવસેનાના અધ્યક્ષ ઉધ્ધવ ઠાકરેએ મોદી સરકાર સમક્ષ સમાન નાગરિક આચાર સંહિતા લાગુ કરવાની માંગણી કરી હતી.મુંબઈમાં દશેરાના અવસરે પોતાની પારંપારિક રેલીમાં તેમણે જણાવ્યુ હતું કે લોકો ભાજપ સાથે ગઠબંધન અંગે સવાલ કરે છે.પરંતુ આજે કહી શકીએ છીએ કે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબુદ કરવા માટે અમે ભાજપને સાથ આપ્યો.હવે વહેલી તકે ગૃહમંત્રી અમિત શાહે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવો જોઈએ.રામ મંદિરના નિર્માણ માટે કાયદો બનાવવામાં આવે.ઠાકરેએ જણાવ્યુ હતું કે અમે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટેની માંગ કરી છે અને આના નિર્માણ સુધી સતત પ્રયાસ કરતા રહીશું

મોદી સરકાર મંદિરના નિર્માણ માટે કાયદો બનાવે. અમે જીવ આપી શકીએ છીએ પરંતુ આપેલા વચનને વ્યર્થ જવા દઈશું નહીં. આ શિવસેનાની નીતિ છે. અમે રામના નામે ક્યારેય રાજકારણ કર્યુ નથી.શ્રીરામે તેમના પિતા માટે બધું ત્યજી દીધું હતું. શું અમે તેમના નામે રાજકારણ કરીશું ?

# કાશ્મીરમાં નેટ સહિતના પ્રતિબંધો દુર કરવા અમેરિકી કમિટીની વિનંતી

કાશ્મીરમાં મોબાઈલ અને ઈન્ટરનેટ બંધ કરવાથી લોકોના જીવન પર ખરાબ અસર થઈ રહી છે.તેમ અમેરિકી કોંગ્રેસની એક વગદાર કમિટીનું કહેવુ છે. તેણે ખીણમાં બે મહિના જુના પ્રતિબંધો ઉઠાવી લેવાની ભારતને વિનંતી કરી છે.

હાઉલ ફોરિન એફેર્સ કમિટીએ એક ટ્વિટે કહ્યુ હતું કે કાશ્મીરમાં ભારતનો સંદેશા વ્યવહાર બ્લેકઆઉટની દરેક કાશ્મીરીઓના જીવન અને કલ્યાણને આકરી અસર થઈ રહી છે.હવે ભારતને તેના નિયંત્રણો ઉઠાવી લેવાનો સમય આવી ગયો છે.અને તે કાશ્મીરીઓને પણ અન્ય ભારતીય નાગરિકની જેમ અધિકારીો અને વિશેષાધિકારો આપવા જોઈએ.ઉલ્લેખનીય છે કે આશરે એક મહિના અગાઉ ભારતીય અમેરિકન સાંસદ પ્રમીલા જયપાલે અમેરિકાના અનય ૧૩ સાંસદો સાથે વડાપ્રધાને વિનંતી કરી હતી કે તેઓ કાશ્મીરમાં માનવ અધિકારની સ્થિતિ બાબતે ચિંતાદુર કરે.

# ભાજપને વાસ્તવિક મુદ્દાઓ ઉજાગર કરવા શરદ પવારની સલાહ

મહારાષ્ટ્ર વિધાનસભા ચુંટણીના પ્રચાર દરમિયાન એનસીપીના અધ્યક્ષ શરદ પવારે અમિત શાહ અને વડાપ્રધાન સહિત ભાજપના ટોપના નેતાઓની ટીકા કરી હતી અને કહ્યુ હતું કે ચુંટણી પ્રચારમાં કારણ વગર મારુ નામ ભાજપના નેતાઓ લઈ રહ્યા છે.ખરેખર ભાજપના નેતાઓને દેશની અર્થવ્યવસ્થા અને ખેડુતો સબંધિત મુદ્દાઓ પર વાત કરવી જોઈએ. પવારે એમ પણ કહ્યુ હતું કે વડાપ્રધાન મોદી, અમિત શાહ અને મુખ્યમંત્રી ફડનવીસ ચુંટણી અભિયાનનો મુખ્ય મુદ્દો શરદ પવાર છે.પુણેની ઉરુલી કંચનમાં યોજાયેલી ચુંટણી સભામાં પવારે કહ્યુ હતું કે પહેલાં તેઓ જેલની અંદર હતા હવે બહાર છે અને દેશનો વહીવટ ચલાવી રહ્યા છે. પરંતુ મને તેની કોઈ ફરિયાદ નથી. કારણકે લોકશાહીમાં તેમનો અધિકાર છે.


ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,

રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ

મોરારજી દેસાઇ આરોગ્યધામ,

હેલ્થ-વેલ્થ પ્લાનર

ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

## કાશ્મીરમાં બધુ સામાન્ય છે તો ૯ લાખ સૈનિકો શુ કરી રહ્યા છે : મહેબુબા પુર્વ સી.એમ.



જમ્મુ-કાશ્મીરના ભુતપુર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ ભાજપ પર મત માટે જવાનનું કાર્ડ રમવાનો આક્ષેપ મુક્યો હતો.તેમણે ટ્વીટર પર લખ્યું હતું કે જો કાશ્મીરમાં બધુ જ સામાન્ય હોય તો ત્યાં નવ લાખ સૈનિકો ત્યાં શું કરી રહ્યા છે? જમ્મુ-કાશ્મીરના ભુતપુર્વ મુખ્યમંત્રી મહેબુબાએ જણાવ્યુ હતું કે કાશ્મીરમાં નવ લાખ સૈનિકો શું કરી રહ્યા છે શું તેઓ પાકિસ્તાનનો હુમલોને રોકવા માટે અહીંયા છે ? ના, તેઓ માત્ર વિરોધ પ્રદર્શનોને દબાવવા માટે જ છે.સેનાની પ્રાથમિક જવાબદારી સરહદોની સુરક્ષા કરવાની છે.. મહેબુબા મુફતીની પુત્રી ઈલ્તિજાએ ટ્વીટ કરીને જણાવ્યુ હતું કે સત્ય એ છે કે કાશ્મીરઓને તોપનો ચારો માનવામાં આવે છે.ખીણમાં અશાંતિ ફેલાવવા માટે સેનાને મોહરાની જેમ ઉપયોગ કરવામાં આવે છે. શાસક પક્ષને જવાનો અને કાશ્મીરીઓની ચિંતા નથી. તેમને માત્ર ચુંટણી જીતવાની ચિંતા છે.

## મમલલ્પુરમ શહેરમાં ચીનના પ્રમુખ જિનપિંગ અને વડાપ્રધાન મોદીની મુલાકાત



ચીનના પ્રમુખ જિન પિંગ મમલલ્પુરની મુલાકાતે આવ્યા હતા ત્યારેઆખા શહેરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યુ હતું. આ પ્રાચીન શહેરને શણગારવામાં દક્ષિણ ભારતની કળાની ઝાંખી દેખાતી હતી.બંન્ને નેતાઓની તમામ સવલતોનું ધ્યાન રખાયું હતું. બે દિવસની યોજાયેલી ઔપચારિક સમિટમાં બેન્ને દેશો વચ્ચે દ્વિપક્ષીય સબંધોના વિકાસની દિશામાં સિંધ્ધાન્તો સહિતની નવી સર્વ સંમતિ સધાવાની આશા છે.બેઉ નેતાઓએ પરસ્પર એકબીજાને ભેટ આપી હતી.તામિલનાડુના મમલાપુરમાં બંને નેતાઓએ યુનેસ્કોની કેટલીક વૈશ્વીક ધરોહરની મુલાકાત લીધી હતી. તેમજ કલાક્ષેત્ર અને સાંસ્કૃત્રિક કાર્યક્રમ યોજાયો હતો તેમાં હાજરી આપી હતી.

ચીન અને ભારત વિશ્વની બે મહાન સત્તાઓ છે અને પરસ્પર એકબીજા સાથે સારા સબંધો હોય તે જરુરી છે. ચીને કહ્યુ છે કે બંને દેશો એકબીજા માટે ખતરારુપ નથી. બંને દેશો સહકારથી સમગ્ર એશિયામાં શાંતિ અને સ્થિરતા સ્થાપશે.

## અમેરિકી સેનેટના રિપોર્ટમાં કાશ્મીરની સ્થિતિને માનવીય કટોકટી ગણાવાઇ :કાશ્મીરમાંથી સંચાર સેવા પરથી પ્રતિબંધો ઉઠાવી લેવા સેનેટની અપીલ

પાંચમી ઓગષ્ટે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતા આર્ટિકલ -૩૭૦ની નાબુદી બાદ પહેલીવાર અમેરિકી સાંસદે કાશ્મીર મામલે હસ્તક્ષેપ કર્યો છે. અમેરિકી સંસદના ઉપલા ગૃહ ગણાતી સેનેટની વિદેશ મામલાની સમિતિએ વર્ષ ૨૦૨૦ માટેના વિદેશો માટેનો કાયદો ઘડાય તે પહેલા તેના અહેવાલમાં કાશ્મીરમાં સર્જાયેલી માનવીય કટોકટીનો અંત લાવવાની અપીલ કરી છે. ચાલુ સપ્તાહમાં દિલ્હીની મુલાકાતે આવેલા અમેરિકી સાંસદોના પ્રતિનિધિમંડળમાં સામેલ વા સેનેટર ક્રિસ વાન હોલેનના પ્રસ્તાવ પર રિપોર્ટમાં સુધારો કરી કાશ્મીર મામલાનો ઉલ્લેખ કરાયો છે.

સેનેટમાં રજુ કરાયેલા રિપોર્ટમાં જમ્મુ-કાશ્મીરની હાલની માનવીય કટોકટી અંગે ચિતાઓ વ્યક્ત કરી ભારત સરકારને જમ્મુ-કાશ્મીરમાં ટેલીકોમ્પુનિકેશન અને ઈન્ટરનેટ સેવાઓ સંપુર્ણપણ બહાલ કરવા કરફ્યુ એ અન્ય પ્રતિબંધાત્મક આદેશો હટાવી લેવા અને અટકાયતમાં રખાયેલા તમામ નાગરિકોને મુક્ત કરવાની અપીલ કરાઈ છે. રિપોર્ટમાં કાશ્મીરની સ્થિતિ અંગે આકરી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ ૨૬મી સપ્ટે.સેનેટને સોપાયો હતો. આ સમયે પી.એમ. મોદી અમેરિકામાં જ હતા. અમેરિકી સેનેટની વિદેશ મામલાની આ સમિતિ દ્વારા કાશ્મીર અંગેનો સુધારો સર્વસંમતિથી સ્વીકારી લેવાયો હતો.રિપોર્ટમાં સેનેટે જણાવ્યુ હતું કે અમે કાશ્મીરમાં માનવ અધિકારની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છીએ. અમે ઈચ્છીએ છીએ કે ભારત સરકાર અમારી ચિંતાઓને ગંભીરતાથી લે. હોલેને જણાવ્યુ હતું કે કાશ, હું પી.એમ. મોદી સમક્ષ મારી ચિંતાઓ વ્યક્ત કરી શક્યો હોત પરંતુ મારી તેમની સાથે મુલાકાત શક્ય બની નહોતી.

અમેરિકી સેનેટના ડેમોક્રેટિક સેનેટર ક્રિસવાન હોલેન કાશ્મીરની મુલાકાત લેવા માંગતા હતા. પરંતુ ભારત સરકારે તેમને મંજુરી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. હોલેને જણાવ્યુ હતુ કે હું કાશ્મીરની મુલાકાત લઈ ત્યાં શુ ચાલી રહ્યું છે તે જોવા ઈચ્છતો હતો. પરંતુ ભારત સરકારે મને જણાવ્યુ હતું કે અત્યારે કાશ્મીરમાં જવાનો યોગ્ય સમય નથી. મને એમ હતું કે હું કાશ્મીર જઈને ત્યાંની સાચી સ્થિતિ જાણી શકીશ. હુ માનું છું કે જો તમારે કશું સંતાડવાનું નથી તો કાશ્મીરની મુલાકાત જતા કેમ અટકાવો છો ? હુ એટલું કહી શકું કે ભારત સરકાર નથી ઈચ્છતી કે કાશ્મીરમાં શું ચાલી રહ્યું છે તેની વિશ્વને જાણ થાય



તામિલનાડુના પરંપરાગત વેશમાં વડાપ્રધાન મોદીએ વિવિધ સ્થળોની ચીનના પ્રમુખ જિન પિગ સાથે મુલાકાત લીધી હતી.


### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

### જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

### વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

### કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.